શ્રી પરમાત્મને નમઃ

શ્રીનવિન! શ્રીનવિન!! શ્રીનવિન!?!

શ્રી

વસન્ત-વિજય.

નાટકનાં ગાયનો.

રચનાર.

છગનલાલ શામળભાઇ ભટ્ટ.

સ્કૂલમાસ્તર, ખાનપુર તા. લુણાવાડા.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા.

ભગવાનભાઇ હીરાભાઈ માલીવાડો.

અને

બાળાશંકર શામળભાઇ ભટ્ટ લુણાવાડા.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦

ઇ. સ. ૧૯૧૧ સંવત ૧૯૬૭

કીંમત રૂ ૦-૨-૦ (બે આના.)



નિર્મળ પ્રિન્ટિંગ પ્રેસમાં લલ્લુભાઇ ઇશ્વરભાઇએ છાપ્યું.

પીરમસારોડ—અમદાવાદ.

શ્રી પરમાત્મને નમઃ

શ્રીનવિન! શ્રીનવિન!! શ્રીનવિન!!!

શ્રી

વસન્ત-વિજય.

નાટકનાં ગાયનો.

રચનાર.

છગનલાલ શામળભાઇ ભટ્ટ.

સ્કૂલમાસ્તર, ખાનપુર તા. લુણાવાડા.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા.

ભગવાનભાઇ હીરાભાઈ માલીવાડા.

અને

બાળાશંકર શામળભાઇ ભટ્ટ લુણાવાડા.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦

ઇ. સ. ૧૯૧૧ સંવત ૧૯૬૭

કીંમત રૂ ૦-૨-૦ (બે આના.)

નિર્મળ પ્રિન્ટિંગ પ્રેસમાં લલ્લુભાઇ ઇશ્વરભાઇએ છાપ્યું.

પીરમસારોડ—અમદાવાદ.

અર્પણ પત્રિકા.

શ્રીપરમકૃપાળુ. પરિબ્રહ્મ
પરમાત્માની પવિત્ર સેવામાં.

મુ૦ સત્-ચિત્ત-આનન્દપુરી.

હે ! વિશ્વંભર વિશ્વવિધાતા સર્વવ્યાપક વિભો ! આ અસાર સંસારમાં આપ સકળ પ્રાણીઓના પિતામાતા, પાલક, અને સંરક્ષક છો. આપની અપાર અકળ માયાનો પાર સમાધિનિષ્ઠ તપસ્વીઓ અને શિવસનકાદિક પણ પામવાને અસમર્થ છે. હરકોઇ મનુષ્ય પોતાનું સ્વેચ્છિત કાર્ય આપની સહાયતા અને પ્રસન્નતા મેળવ્યા શિવાય પરિપૂર્ણ કરી શકતો નથી. અખિલ જગતને આપ જેમ નચવો તેમ બાજીગરનાં પૂતળાંની પેઠે નાચે છે અને એક પર્ણ પણ પોતાની સ્વશક્તિવડે આપના હલાવ્યા શિવાય હાલી શકતું નથી. અર્થાત જે કંઇ બનવાનું હોય છે તે આપની સ્વેચ્છાનુસાર નિયમિતપણે બન્યાંજ કરે છે. તેમાં કોઇનું કંઇ વળી શકતું નથી. તો આ મન્દમતિ વત્સે આપની પૂર્ણ કૃપા પ્રસાદિને સુપ્રેરણાવડેજ રચેલું નૂતન પુસ્તક આપ શ્રીવિભુવરને પ્રેમસહ સમર્પણ કરતાં અત્યાનન્દ પામુંછું તો તે સ્વીકારી દાસાનુદાસને કૃતાર્થ કરશોજી.

લી૦

આપનો સદાનો શરણાંગત,

નમ્ર સેવક.

છ. શા. ભટ્ટ.

આભાર પત્રિકા.

રાજમાન રાજેશ્રી નામવર શેઠજી શાહેબ,

મગનલાલ લલ્લુભાઇ શાહ.

મુ. ખાનપુર.

શુશીલ આર્ય !

આપ મુમુક્ષુ સદ્‌ગૃહસ્થ સર્વ કોઇ પ્રાણી માત્રનું રૂડું મ્હાનાર અને કાવ્યકાર તથા લેખક વર્ગના સ્હાયકારછો. લઘુ વયમાં આપે દયા, ક્ષમા, વિનય, ઔદાર્ય, શાન્તિ, ઋજુતાદિ સદ્‌ગુણો ગ્રહણ કરી સ્વજન ને વિજન ઉભયનાં મન સંપાદન કરી તથા ધર્મ સત્કાર્ય ને પરમાર્થ કરવામાં આગળ પગલું ભરી પોતાના નામને ઉજર્જસ્વી કર્યું છે. તેમજ વિદ્યાને ઉત્તેજન આપવા તરફ વળણુ રાખી ખ્યાતિ મેળવવા ઉત્કટતર ખન્ત રાખોછો.

આપની વિલાસી વાણી અને વાકપટુતાથી મ્હારૂંમન નિરન્તર આપશ્રી તરફ આકર્ષાયલું રહેતું હોવાથી આજના માંગલિક પ્રસંગમાં આપણા બન્નેના મનનું ઐકય થતાં ત્હેના સુસ્મરણાર્થે આ નવિન પુસ્તક પુષ્પ આપના સકોમળ હસ્તકમળમાં મૂકી પરમાભાર માનુ છે. તો તેનો સ્નેહપૂર્વક સત્કાર કરશોજી.

આશીર્વચન.

દોહરા.

મગન રહો નિત મગનભાઇ, મહીમાં મેળવી માન;
પાર સાર સંસારનો, પામી લ્યો બહુ લ્હાણ. ૧.

આધિ, વ્યાધિ વિદારીને, આણી ઉપાધિ અન્ત;
કરો સદા ચડતી કળા, કહે છગન ભગવન્ત. ૨.

લી૰ ગ્રન્થકર્ત્તા.

માન-પત્રિકા.

રા. રા. પરનસ્નેહીશ્રી
મોતીભાઇ હીરાભાઇ માલીવાડ.
મુ. ખાનપુર.

આપ એક ખાનદાન અને જાગીરદાર સદ્‌ગૃહસ્થના પવિત્ર હૃદયમાં ધૈર્ય, પ્રેમ, શૌર્ય, દયા ઇત્યાદિ કેટલાક ઉમદા અવર્ણ્ય સદ્‌ગુણોએ નિઃવાસસ્થાન કરેલું છે. એ ઇશ્વરની સંપૂર્ણ કૃપાદૃષ્ટિનું ફળ છે એમ આપશ્રીએ ખસુસ સમજી કેવળ પરમાર્થ બુદ્ધિથી આ પુસ્તકના લેખકને મનવાંછિત સહાય કરેલી છે, તેના અપૂર્વ માનની ખાતર આ માનપત્રિકા આપના હસ્તમૃણાલમાં અર્પણ કરૂં છું તે સ્વીકારશોજી.

લેખકને કરેલો ઉપકાર અને લેખકની આશિષ.

દોહરા.

હીરાભાઇ સુત હોંશિલા, મોતી માલીવાડ;
સખી, મર્દ ને મોજીલા, પુણ્યતણાછો પ્રાહાડ. ૧
પાંચ વીધાં પસાયતું, આમ્રતરૂ દ્રૌવૃક્ષ;
આપ્યું અતિ ઉમંગથી, લેખકને દઇ લક્ષ. ૨
નીતિ, રીતિ રાખીને, કીધાં ઉજ્વલ કામ;
સુયશ મેળવી સૃષ્ટિમાં, અમર રાખ્યું નામ. ૩
સુખી હજો, વૃદ્ધિ થજો, વંશની અપરંપાર;
દે શુભાશિષ મુખથકી, લેખક જન નિરધાર. ૪

લી૰ ગ્રન્થકર્ત્તા.

નાટકનાં મુખ્ય પાત્રો.

પુરૂષવર્ગ.

વિજયસિંહ—વિજયાપુરીનો રાજા અને વસન્તનો પતિ.
જયસિંહ—તેનો ભાઇ
ક્ષમાધર—એક ગમ્મતી.
વિમળસિંહ—વિજયસિંહનો પટાવત.
વર્ણશંકર—એક છટેલ.
વેણીચન્દ—વિજયાપુરીનો શેઠ.
રસિકલાલ—તેનો પુત્ર.
કાન્તીલાલ—શેઠનો નોકર.
સ્મરસિંહ—વિહારપુરીનો નૃપતિ.
સિદ્ધભારથી—એક અરણ્યવાસી યતીશ્વર.
બાદશાહ—બહિ:પ્રસ્થનો.
મીરમહમદ—બાદશાહનો શાહજાદો.
મહમદખાં—એક નવાબ.
પ્રધાન—એક સદ્‌ગૃહસ્થ.

સ્ત્રીવર્ગ.

વસન્ત—સ્મરસિંહની પુત્રી અને વિજયસિંહની પત્નિ.
શોભા—તેની પ્રિય સહચરી.
કુમુદા—વસન્તની કામદાર અને કાન્તિલાલની સ્ત્રી.

સુવદના
સુપુષ્પા } —વસન્તની દાસીઓ.

લીલાવતી—ક્ષમાધરની પ્રેમદા.

નવી—વેણીચન્દની વહુ.

મણી—રસિકલાલની સ્ત્રી.

તે શિવાય બ્રાહ્મણો, સખીઓ, નેકીદાર, સિપાઇઓ, વારંગનાઓ, સાધુઓ, પહેરેગીરો વગેરે, વગેરે, વગેરે.

સ્થળ--વિજયાપુરી, વિહારપુરી, બહિઃપ્રસ્થ, ચિત્રવન.

ॐ तत्सत् ब्रह्मणे नमः ॥

શ્રીવસન્ત—વિજય નાટકની

પ્રવેશવાર ટુંક હકીકત.

મંગલાચરણ.

પ્રથમાંક.

પ્રવેશ ૧ લો.—વિજયાપુરીનો રાજા વિજયસિંહ પોતાના મ્હેલમાં પોતાના મળતા વિચારની પત્નિ ન મળી તેના વિચારમાં. ક્ષમાધર ને જયસિંહનું આવવું. ટેકીવિજયનો ટેક, વિમળસિંહનું આવાગમન, વિખૂટા પડવું.

૨—વિજયાપુરીમાં વસતો વર્ણુશંકર ને તેની સ્ત્રી. વર્ણુશંકરના મલિન તર્કવિતર્ક, રસિકલાલની પ્રેમદા મણીનું આવવું. થોડીવાર પછી સિપાઇઓ આવે છે ત્હેમને પ્રથમ ધમકી આપી ના ઇલાજે લાંચ આપી વિદાય કરે છે.

૩—વિહારપુરીના રાજ્ય મ્હેલમાં સખીઓ સાથે યુવાવસ્થાએ આવેલી વસન્ત. લાયક પતિ ન મળવાથી મુઝાવું. સખીઓનું ધીરજ આપી શાન્ત પાડવું.

૪—રસિકલાલ તથા તેની વહુ મણી. કજોડું હોવાથી મણી મુઝાય છે. નગરશેઠ અને નપિનું આવવું. મહાજન લોકની ઉશ્કેરણી.

૫—વિહારપુરીના રાજ્યમાર્ગ ઉપર લતામંડપમાં સખીઓ સાથે વસન્ત. વરસાદનું આવવું. ગરબો, વિજયસિંહ, ક્ષમાધર વગેરેનું

આવાગમન. વસન્તનું વિજયસિંહ ઉપર મોહિત થવું. વિજયસિંહ વસન્તના રૂપ ગુણુથી મુર્છિત થાય છે. ક્ષમાધર વચન આપી દિલાસો આપે છે.

૬—વિજયસિંહનું શિકારાર્થે વનમાં ભ્રમણ, ક્ષમાધરનું વાઘના પાસમાં સપડાવું. વાઘને મારવો. વિમળસિંહનો તિરસ્કાર અને રજા આપવી.

૭—રતીસાગર ઉપર બાંધેલી હર્મ્યમાં વસન્ત ને તેની સહચરીઓ. અદ્દભૂત યોગીરાજ સિદ્ધભારથીનું આવવું, નિશાખોરીને શિક્ષા. શિકારાર્થે વનમાં ભ્રમણ કરતા વિજયસિંહ વગેરેનું ભુલા પડવાથી અહીં આવી ચઢવું. વસન્તવિજય વચ્ચેની થયેલી પરસ્પરની પરીક્ષા અને બંનેના વિચારોનું ઐકય થવું. વસંત અને વિજયનો પ્રથમનો સંયોગ.

૮—અહિઃપ્રસ્થનો બાદશાહી દરબાર, અપમાન પામેલા દુષ્ટમતી વિમળસિંહનું આવવું. વસન્ત સમ્બન્ધી વાતચીત. પોતાના ભુંડા સાથે પરના ભુંડા માટે રચેલો પ્રપંચ. પ્રધાનનું રાજીનામું. મહમદખાં ને વિમળસિંહની સંતલસ. વારંગનાનો નાચ.

૯—લીલાવતી અને ત્હેની સખીઓ. થોડીવાર પછી ક્ષમાધર, પ્રેમી જોડાંનો માનસિક અલૌકિક આનન્દ. સખીઓનું વિદાય થવું.

૧૦—પરદેશથી કમાઇને આવતો રંક બ્રાહ્મણ. ઠગોએ કરેલી ઠગાઇ, વિવાદાન્તે બેઉ વચ્ચે થયેલો એકરાર.

૧૧—વિજયાપુરીમાં વિજયસિંહની કચેરી. વેણીચન્દ, બ્રાહ્મણ વગેરેનું આવવું. થયેલો ચુકાદો. વર્ણુશંકરને ઘટિત શિક્ષા, અને ઠગોને કારાગૃહ તથા બ્રાહ્મણને ધન પાછું મળે છે. નૃત્યાનન્દ.

દ્વીતીયાંક.

૧—કુમુદા અને કાન્તિલાલ, અપૂર્ણ ભણેલી સ્ત્રીની ઉચ્છૃંખલતા કાન્તિલાલના દુઃખનો પાર.

૨— સખીઓ સાથે વિજયસિંહની રાહ જોતી વસન્ત. વેષધારી વિમળસિંહનું કપટ ભાવથી આવવું. પ્રપંચનું પોગળ થવું. બળાત્કાર અરસામાં વિજયસિંહનું આવવું. પાપીના પોબાર, પ્રેમી દમ્પતિના આનન્દની અવધિ.

૩— સિદ્ધનાથનું દેવાલય, વસન્તે કરાવેલા હોમની પૂર્ણાહુતિ. સર્વ જનમંડળે કરેલી શંકર સ્તુતિ.

૪—વિહારપુરીના રાજ્યભવનમાં ભરનિદ્રાવશ પડેલી વસન્ત. પાદશાહી અનુચરોનું આવવું. વસન્તને ચિત્રવનમાં ઊંચકી લઇ જવું.

૫—વિજયાપુરીમાં વિજયસિંહને સત્યરૂપ સ્વપ્ન. ભયંકર બનાવ તથા પતિના દુઃખમાં ભાગ લેવા માટે વિજયસિંહનું બંધુ વર્ગ સાથે વનમાં જવું.

૬—દરિયાઇ સફરી વહાણમાંથી ઉતરતા ઉતારૂઓ અને સત્સંગીઓ, સાધુઓને મિષ્ટાન્ન. ઇશ્વર ભજન કરી છૂટા પડવું.

૭—ચિત્ર વનમાં જતાં હિમપુષ્પા નદીમાં આવેલા પુરથી વિજયસિંહનું રોકાવું, મનમાં થયેલો ખેદ. અણધાર્યા વિઘ્નથી મુઝાવું. પાર જવા માટે મથન. સિદ્ધભારથીનું આવવું, ઇચ્છિતકાર્ય સંપૂર્ણ થવા માટે ઇશ્વરી સહાયતા.

૮—વેણીચન્દ અને નવિ, લીલાવતીનું આવવું. પરદેશના વ્યાપારમાં ટોટા જવાના સંદેશાથી શેઠનું હાયહાય કરી ગભરાવું. લેણદારો શેઠની તમામ મિલ્કત જપ્ત કરે છે.

૯—ચિત્રવનમાં જતાં ઊચ્ચપાહાડનો દેખાવ, વિજયસિંહનું રોકાણ. ઠામઠામ પડતા વિઘ્નથી વિજયસિંહનું અકળાવું, યોગીની મદદવડે ગિરિનો ધ્વંશ કરવો, પાદશાહી છુપાં માણુસો સાથે થયેલું દારૂણ યુદ્ધ.

૧૦—વિહારપુરીના રાજ્યમાર્ગ ઉપર દારૂડીઓ સિપાઇ. થોડીવાર પછી બીજા સિપાહીઓના મુલાકાત, સર્વનો મિથ્યાનંદ.

૧૧—ચિત્રવનમાં નિદ્રામાંથી વસન્તનું જાગૃત થવું, અને ભયભીત થવું. દગાબાજ મહમદખાંનું આવાગમન, સતીનાં ગમ્ભિર, કરૂણ અને હિત વચન, જારીનો જુલમ, વિજયસિંહ વગેરેનું આવવું. સતીને સાહાય, યુદ્ધમાં મહમદખાં અને ત્હેના સાગ્રીતોના જીવજાય. યોગીનો અદ્દભૂત ચમત્કાર અને સતીનો યોગીશ્વર પ્રત્યે આભાર, છૂટા પડવું.

તૃતીયાંક.

૧—વિજસિંહની રાહ જોતી વિરહી વસન્ત. સખીઓનું આવવું. વાક્પટુતાથી હાસ્યવિનોદ, શાહજાદા મારમહમદખાંનું આવવું. જારીને આપેલી અવજ્ઞા, વિજયસિંહના આવવાથી શાહજાદાનું હાર પામી પલાયન કરવું

૨—વિહારપુરીના મ્હેલમાં રમરસિંહ તથા તેનો પ્રધાન, પુત્રીની ચાલચલક્ત સમ્બન્ધીનાં લૌકિક વચનથી ખેદિત થવું. વસન્તનું આવવું રમરસિંહનું ગુસ્સે થવું. સતી રાજ્યકુમારીએ આપેલી કબુલાત, પ્રધાન ને રમરસિંહ વિદાય થાય છે. પિતાના ઉપાલમ્ભથી વસન્તે ફાંસો ખાવાની તૈયારીમાં ભરથરીનાં બે નાનાં વત્સોનું આવવું. ભજનોપદેશથી વસન્તને મળેલી ધીરજ. બાળકોને ભિક્ષા તથા પ્રસન્નતાથી શિરપાવ આપી વિદાયગીરી આપવી.

૩—નિર્ધનાવસ્થામાં શેઠ, નવિ અને રસિકલાલ દુઃખની વાતો, શેઠને ધીરજ આપવી. અનંત દ્રવ્ય મળવાના સમાચારથી શેઠ ખુશ ખુશ.

૪—વિચારમાં પડેલી વસન્ત, કુમુદા વગેરેનું આવવું. વિચારનું નિવેદન કરતાં વિજયસિંહ ને ક્ષમાધર આવી સતીના સતીત્વ સંબંધીનો રસ્તો કાઢી શાન્તિ આપે છે. તેથી સર્વ ખુશી થઇ અપાર આનન્દ સાથે વિખૂટા પડે છે.

૫—શાહજાદા મીરમહમદની લડાઇ કરવામાટે કરેલી તૈયારી.

૬—મેદાનમાં યવનો અને શૂરારજપૂતો વચ્ચે થયેલું દારૂણ યુદ્ધ, યવનોનો સંહાર, શાહજાદાનું મરણ. રજપૂતોનો જયજયકાર.

૭—બાદશાહી રાજ્યમહેલ, શાહજાદાના મૃત્યુની ખબર મળતાં પાદશાહને થયેલો અફસોસ અને સાહસ માટે પસ્તાવો. પ્રધાનનું આવવું.

૮—વિહારપુરીમાં સમરસિંહનો દરબાર. સિદ્ધ અને ચેલાનું આવવું. વસન્તની આશ્ચર્યભરી કબુલાતનું સફળ થવું, પરસ્પર પરીક્ષા કરી વરવાથી સુખી થવાનો એક આબેહુબ ચિતાર, સતીના સતીત્વનું દીપી નીકળવું. દુઃખ સમયે સુજ્ઞ દમ્પતિ એક બીજાને અરસપરસ ચાતુર્ય બુદ્ધિથી કેવાં મદદગાર થઈ શકે છે તેનો દાખલો લેવા યોગ્ય નમુનો, વસન્તની બુદ્ધિને ધન્યવાદ આપવો, વસન્ત-વિજયનો રાજ્યરીતીથી હસ્ત મિલાપ થવો. વારંગનાઓનો નાચ. અને અથાગાનન્દસહ નવિન ખેલની સમાપ્તિ.

વસન્તઋતુ, પૂર્ણચન્દ્રોદય.
સંવત ૧૯૬૭.

લી૦ કર્ત્તા.

श्री परमात्मने नमः

શ્રીનવિન ! શ્રીનવિન ! શ્રીનવિન !

શ્રી

વસન્ત-વિજય

નાટકનાં ગાયનો.

મંગલાચરણુ.

અંક ૧ લો.

સૂત્રધાર— ૧

શ્રીપતિસતિ જગતપતિ નિરંજન નિર્વિકારી,
વન્દુ વારંવાર સદા શિરગંગધારી. શ્રીપતિ.
મોહભરી મંગળકારી, અલૌકિક કૃતિ છે ન્યારી;
સરસ્વતિ, રતિગતિ, સન્મતિ આપજો ત્રીપુરારિ. શ્રીપતિ.
શોભે સિદ્ધિ બુદ્ધિપતિ, પાસ પ્રેમદા પાર્વતી,
ધન્ય.! ધૂર્જટી સુરેશ માગું સહાય તમારી. શ્રીપતિ.
દીનાનાથ, જગનાથ, રાખજો લાજ ગૃહીને હાથ,
પાન્થ ઉમાકાન્ત, કરજો શાન્ત દુઃખનિવારી. શ્રીપતિ.

૨

નેપથ્યમાં—"વનિતા વરવી વિચારી."

નટીઓ—સુંદર, સુખકર, દુઃખહર, ગુણભર,

નેપથ્યમાં—રસભર, સદા સકળ અવનીપર,

નટીઓ—શાંતાદાતા, ભવાબ્ધિ ત્રાતા,

સુઘડ, સુમતી, ધૃતિધારી. વનિતા.

વિજયસિંહ

૩

દિપકવિણ ભાસેજયમ ભુવન, સુંદરી વિણ તેવું શુન્ય જીવન.

વૃક્ષલતાપગલચી રહેલું સુરભિ રહિત સુમન,

મળે સુંદર ગૌરબદન, ધન અખૂટ ઇન્દ્ર ભુવન;

તૃપ્ત નહિ બને ભ્રમર જનતન (૨) પ્રીછો તેવું વિણ રમારતન. દિપક

સાખી.

ચન્દ્ર વિનાની ચાંદની, જીવ વિનાની કાય;

જુવતી રહિત જન જીવવું, જાણો વિશ્વ વૃથાય.

શ્યામા એક સાચું છે સૃષ્ટિ ધન (૨)

તેહ વિના પામર પ્રૌઢા જન. દિપક.

વર્ણશંકર તથા તેની સ્ત્રી—

૪

ચાલો ચાલો ચટકાળા, પ્રીય પ્યારા લટકાળા,

વાહ વાહ રંગીલી દિલજાન. ચાલો.

નયનોના તારા, ન રસીલા કરૂં ન્યારા,

વારીવારી તુજપર કુરબાન. ચાલો.

હૈયાના હાર મ્હારા ગુણમણિ માળ,

છો શિરશણગાર, છબીલા ભરથાર;

છે શાબાશ શાબાશ પ્રીય પ્રાણ. ચાલો,

વસન્ત.— ૫

પ્રભુપતિ હજુ ન મળ્યો પ્રાણપતિ,
હવે હું અબળાની કોણ ગતિ. પ્રભુ પતિ.
સુન્દર સદન સરોવરમાંહે મદન વિકટ દે કષ્ટ અતિ,
વ્યાકુળ થાતું ચિત્ત નિત મારૂં (૨)
કુસુમ શરોના પ્રહાર થકી. પ્રભુ પતિ.
શિતળ સુખકર સમીર સંતાપે સુદ્ધસાન સૌ રહેતી જતી
મતિમ્હારી દિનનીશ મુઝાણી,
સખિ! ધરૂં કઇ પેર ધૃતિ—અરે—— પ્રભુપતિ.
મોગવજોહે! ઇશપતિ પ્યારા, સત્વર રંકની અરજ સ્વીકારો,
અતિ અકળાતી મુજ છાતી ચીરાતી હાય,
વિના એક મુજ પ્રાણપતિ. પ્રભુ પતિ.

ગ્રીષ્મા ૬

સખિ! મ્હારી શાણી, શીદ ગભરાણી ધીરધરો જરામન,
સ્મરો સારંગપાણી, ઉલ્લટ ઉરઆણી ટાળી ચિંતા તુજતન.
મળશે મનમોહનજી મલપતો રસીલો રાજવીબાળ,
શૂરવીર, રણધીર સુંદરસકળ રત્ન ગુણ ભંડારરે.
સતી દ્રૌપદીનારી નેક ટેકધારા જોતું વિચારો વરો ઇન્દ્રનોકુમાર. સખિ.
તેવી રીતે તુજ મનતનમાં હશે જો તાજો ટેક;
મન ગમતા મહામતી પતિ મળશે ઈશ્વર રાખશે નેકરે,
રહો રમણી હરખાઇ, ઇશગુણગાઇ, પ્રીતથકી નિશદિન. સખિ!

મણિ— ૭

વિચારો વિચારો વિચારો શુશીલ જનો મનમાં વિચારો,
કાઢી નાખો કજોડાનો ધારો, કુચાલને સુધારો. વિચારો.

વિચારો કાંઇક વિચારો, બગડે બાળા બિચારી જન્મારો,
દોહીલા દુઃખનો આવે ન દા'ડો શોધવા પડે ન કુવા હવાડો.
સુધારો વધારો સુખી થાય સુંદરીને સ્વામિ બિચારો વિચારો.
બાપદાદાની રૂઢીને રહ્યા બાઝી, પ્રૌઢ જ્ઞાની છતાં શું? બનીને પાજી,
વિના વન્હિમરોછો શીદ દાઝી, નાનાકંથ નારીના કૃત્યથી લાજી
ઉગારો ઉગારો ઉગારો હજારજીવ મરતા ઉગારો,
શોધી કાઢીને કાંઇ ધારો સારો સ્વદુઃખ નિવારો. વિચારો.

વસન્ત અને સાહેલીયો }— ૮

ગરબો.

સખિ! વર્ષા ઋતુનાં વાદળ જળમય છાજેછેરે,
ગરરરરરરર ધન ગગનમાં ગાજેછે,
ખીલી વૃક્ષ વેલીઓ અપારલતાઓ શી લ્હેકેછેરે
મહી પુષ્પપતિ પરાગ પ્રેમ પ્રસારેછે. સખિ!

સાખી.

ઝબકે વિજળી વેગથી, વાદળ કેરીમાંય;
પતિ વિયોગી પ્રેમદા, થરથર કમ્પેકાય.
ભોગીભ્રમરાળીભાવે ભેટવા પતિનેઓવે મદનકામઆગે આતુર થતી,
વિરહેવ્યાકુળી બનેલી વનિતા પતિ સંગે રમે રસબસ રતિ.
બાળા ગૃહીનિજ પતિહાથ મોહન મનાવેછેરે
ભેટોભવપતિ ભોગીરાજ તન તરસાયેછે. સખિ!

સાખી.

કંચન વરસે મેઉલો, હૈડેહર્ષ ન માય;
નીલ વસ્ત્રાભૂષણુ થકી, સૃષ્ટિ શી શોભાય.

વૃક્ષે વળગેલી વેલી પેલી જોની મ્હેની કરતી કુંજવિહાર,
ચિત્ત વિભ્રમ બનેલી ચકોરી દિસે ચન્દ્ર વિણ શૂન્યકાર.
સુણી મૃદુલ મયુરના નાદ મોહબાણુ વાગે છે રે,
કન્થ મેળવજો કીરતાર કુતુહલ જાગે છે. સખી!

વિજયસિંહ.— ૯

આહા! કામકળા ત્હારી, છે ગતિ અતિ જગ ન્યારી;
તન મન ધન હરનારી, પ્રિયકર દિલ ખુશકારી. આહા!
નિર્મળ મનના પ્રેમી જનને કરતી પ્રેમરસ લીન;
સુદ્ધસાન ભુલાવીને કરે શુદ્ધ હૃદયને મલિન. આહા!
કુસુમશરો કરમાં ગૃહી વળી ખેંચી ભ્રમર કમાન,
પામર પંખી જનના, પળમાં લેતી પ્રાણ;
વશીકરણુ પાસ ત્હારી છે ગતિ અતિ જગ ન્યારી. આહા!

ક્ષમાધર.— ૧૦

દિસે દયા નહિ જેના દિલમાંહી તલભાર,
નીવડે તેજન નિશ્ચે દુઃખકારકાર. દિસે.
પ્રપંચ પીડા કરીને ખુશી થાય મનમા,
સાધે સ્વાર્થ શાણો બની નિજ જનમાં;
બ્હારથી બતાવે જાણે બહુ છે ઉદાર. દિસે.
મુખે મીઠું વદે રાખે હૃદયે મલિનતા,
સમયે ન રાખે બાકી વાપરી કઠોરતા,
કસાઇ કેરાં કરે કુકર્મો અપાર,
ધિક્કાર ચંડાળ એવાને હજારવાર. દિસે.

વસન્ત.— ૧૧

ખરે મુજ વેરી ૠતુ વસન્ત ચિત્તડું ચોરી ગઇરે,

દઇને તરૂપર મોર અનંત વ્યાકુળ તન કરી ગઇરે,
વ્યાકુળ તન કરી ગઇરે સુખડું હરી ગઇરે. ખરે.
રટણુ કરાવે રસિક રમણનું ઉરમાં........હીઅતિ,
સદન મદનની પ્રેમ અગનથી રહેવા........તું નથી;
આણીને વિયોગી અંત, ચિત્તડું ચોરી ગઇરે. ખરે.
રતિવલ્લભા સુર સુન્દરી સકળ જનો સંતાપતી,
નવપલ્લવો ફુલ બ્હારથી સંકષ્ટ બહુ બહુ આપતી;
બની મત્ત બાળા બાળવા દિલ નિકટ કોકીલ રાખતી.
અનઙ્ગ બળ વધારવા મનથી ખરે મથતી અતિ.

વિજયસિંહ.— ૧૨

કામણગારી કારી ઘાવ કરી ગઇ. આહાહા.
વેદના વિરહની વળગી રહી. વાવાવા.

સાખી.

બાંધી બંધન પ્રેમનું, દોરી ગૃહો નિજ હાથ,
છોડી તોડી તુટે નહિ, વિરહ વજ્રની ગાંઠ.
માનુની મનની મનમાં રમે, આહાહા.
તારૂણી તન તરસાવી દમે. વાવાવા.

સાખી.

ખેલાવી ખંજન ખંતથી, નાંખ્યો મોહનો પાસ,
વેણુ સુવાસ વિખેરીને, હૃદયમાં પૂર્યો વાસ.
સુઝે નહિ હાય કાંઇ હરિ, આહાહા.
પ્રીયા પ્રેમી ગઇ પરહરિ. વાવાવા.

વસન્ત.— ૧૩

પ્રીયતમ પાતળીયા, પુષ્પ પલંગ બીછાવું,

નૌતમ નાવલીયા નેહે શિતળ જળ પાવું. પ્રીયતમ.
સુન્દરી શ્રૃંગાર સુંવાળા, પ્રાણુજીવન, પ્રીતમ મુજ પ્યાગ,
ફારમી કર કુસુમની માળા, આરોપી કરી તમને વ્હાલા.
પ્રેમરસમાંહી ડૂબાવું પ્રીયતમ.
મણિ મોતીના ચોક પુરાવું, છબી નાથ તમ સાથ સોહાવું,
પ્રીત તણી ભલી રીત ભણાવું, સદા સ્વામિ સંગે રહી ભાવુ;
સુજ્ઞછો શું સમજાવુ. પ્રીયતમ૦

વારંગનાઓ.— ૧૪

ખીલી ચંદની ચોકોર સૈયાં આંગનમે,
ચમક ચમક રહી મન્દ ગગન. સૈયાં૦—ખીલી.
મલક મલક કરતહે મદમાતી,
બીકટ મદન શર બાજે તનમે. જીયા--ખીલી.
પીયુ માળી બીન ગોરીગભરૂ ગભરાતી,
તલસાતી મંજુલ મુગ્ધા બેલી મનમે. સૈયાં--ખીલી.
શુધબુધ સબ લચકાતી રંગ રાતી ભુલી,
નિશદિન ઘૂમતી સારી ગલિયનમે. સૈયાં--ખીલી.
ઢુંઢઢુંઢ નંદનંદનકુસંગ રંગભર રમતી,
ગુલતાન બની ઇસક ધુનમે. સૈયાં—ખીલી.

ક્ષમાધર અને લીલાવતી }-- ૧૫

વાહ છણુકારી ભણુકારી મારી નખરાળી પ્યારી,
મુખ મટકાળી ચટકાળી ચાલો લનના લટકાળી. વાહ.
રહો પાંસરા સ્વામિ ઢંગે તમ હવે વચન નહિ સાંખુ,
નકટા નિર્લજ છેક થયાશું જ્યમત્યમ મુખથી ભાંખુ.

ઓ વડકારી, વચન પરવારી,
દૂર રહો નહિતો દઉં ગાળી. વાહ.

વર્ણશંકર— ૧૬

રાય ચિત્ત ખાળ્યું ન ખળે, ચપળ ચિત્ત રોકયું ના રહે,
પળમાં ઉત્તર, પળમાં દક્ષિણ પળમાં પૃથ્વીમાં ફરી વળે;
દડબડ દોડી જાય, વાટે વચ્ચે ન રોકાય.
બ્રહ્માથી ન ડરે–અરે કોઇ૦ રાય.
કોઇ જન લે ખરી સમાધિ બુદ્ધિના બળે,
જોબનવંતી ત્યાં જતી હોયતો તુર્ત નજર તે કરે,
અરેહાં તુર્ત નજર તે કરે મળે મોહીની કાળજું ઠરે. રાય.
છે અંગનો અપંગ રાય પણ સત્તા પૂર્ણ બજાવે,
કળબળ આપી કામ કારમાં હામ ભીડાવી કરાવે,
હૈયાને હામ ભીડાવી કરાવે અંગ એમાં તે શું કરે. રાય.
સુંદર સ્યામતણું વદન જોઇ ચટ લઇ તે ચળે,
વડો પ્રધાન વિચાર ખડો થઇ ઊમંગ ઉરમાં ધરે;
ખરેખર લલના લગાવા ગળે નીશદીન તેનીશોધમાં ફરે. રાય.

નૃત્યકારીણીઓ— ૧૭

લાગી આજ લગન મોરી સજનસે સખીરી,
ખેલત, મ્હાલત, અંગ લગાવત,
નયન મીલાવત ધીરી ધીરી સખીરી. લાગી.
સ્યામકું સંગ લેકર જલ જમુનાકો જાતી,
નાહતી, ઝુલંતી રંગભર સખીરી. લાગી.
મોરલી સુની મોહનકી મોહીની લાગી,
વાગી કામકી કટાર બની અધીરી. લાગી.

અંક ૨ જો.

કાન્તિલાલ-- ૧૮

અભણ પતિ હોય ભણેલી નાર, તે પતિના જીવતરને ધિક્કાર,
ઘરમાં ચાલે નહિ તલભાર, ચતુરા ચલવે સૌ કારભાર. અભણ.
ખવાપીવા વાપરવાને ગણીગાંઠથી આપે,
વંઠેલી જો હોય વનિતા માથે છાણાં થાપે;
ખરેખર જુલમ કરે અપાર, પજવે નિતનિત નિજ ભરથાર. અભણ.
હું બાદશાહાણી થઇ બેસું કહે તમે હિંચોળો બાળ,
જરા અડાશે જાય નહિ ને ઓળે દેતી ગાળ;
મળી જેને એવી નઠારી નાર, તે પતિના જીવતરને ધિક્કાર,
ખજાં તાજાં પોતે ખાતી ધણીને જેવાં તેવાં;
પતિ પીડાય ને સુખે વાપરે નહિ લેવાં કે દેવાં,
ભણી પણ ગણી ન હોય લગાર, ચલાવે નહિ સુખે સંસાર.
પીડા અતિ પામે તેનો ભરથાર, મળી જેને એવી ભુંડી ઘરનાર. અભણ.

વિમળસિંહ-- ૧૯

ધીરે ધીરે આવો પ્યારી દિલજાન,
આવી આવી શું કહોછો ચતુરસુજાણ. ધીરે૦
મુખના મટકેથી હસી બોલાવો, સલુણા નમુણા શુંરે સતાવો;
પલ્લવ પટકેથી પ્યાર બતાવો, નાથ નખરેથી નયન નચાવો,
વાહ્ વાહ્......................વાહ્ વાહ્
લટકે જાન કુરબાન. ધીરે૦
આહા પ્યારી કેવો અલૌકિક લાગ, પ્યારા લુંટો ખીલ્યો આ યૌવનબાગ
પ્યારી વાહ્.........શાણી વાહ્......બ્યાલી વાહ્
બનો પ્રેમે ખૂબ ગુલતાન—આહા૦ ધીરે૦

વસન્ત--　　　　　　　　　　　　　　૨૦

અરે મદાન્ધી દુષ્ટ છળમાં છકેલા,
પ્રેમલગનમાં પ્રેમાન્ધ બનેલા.　　　　　　　　　　　　અરે.
આજ ગુમાન ઉતારૂં પાપી પળમાં,
પળમાં, ક્ષણમાં, ફીકર ન કર મનમાં;
કરીલે પ્રણામ પૃથ્વીને છેલ્લા.　　　　　　　　　　　　અરે.
પરનારીમાં છે અતિ પીડા,
વિમૂઢ વિચારે ન પડશે વેલા;
શરમ ધરમ તજી બને મદઘેલા.　　　　　　　　　　　　અરે.
જેમ માર્યો રામે રાવણને,
ભીમે પટક્યો દુઃશ્યાસનને;
તેમ સંહારૂં તુજને આ વેળા.　　　　　　　　　　　　અરે.

વિજયસિંહ અને વસન્ત }—　　　　　　　　૨૧

દુઃખહર દિલજાનીરે રસવેલી નવેલી મુજ પ્રાણ,
સુખકર મુજ જાણીરે કર કુસુમે વધાવું તમ વાણ;
હૃદય વસેલી ઘેલી પ્રેમમાં બનેલીરે,
વાહરે શિરતાજ સુજાણ.........................
શૂણી રસીલી ત્હારી મધુરી વાણ,
અર્પ્યું આ તન મન જીવન પ્રાણ;
સુદ્ધબુદ્ધ ભુલ્યો વાગ્યાં મદનબાણ,
ધન્ય! ભાગ્ય આજ ઉગ્યો સુવર્ણ ભાણ;
ગુણ મણી બાળા,
ચાલો પ્રીયપતિ પ્યારા,
રમવા રંગ રસાળા, જઈએ છેલ છોગાળા.

સર્વે— ૨૨

જયજય જગનાયક, સાધક ત્રિગુણાત્મક ઉમયાપતિ,
તરણતારણ, વિશ્વકારણ, ભક્ત ઉદ્ધારણ ભવપતિ. જયજય૦
સુરસનકાદિક સકળ દેવ, અહમેવ અજ હરિ કરત સેવ,
ચન્દ્રશેખર પ્રણત પાલક વિશ્વંભર ત્રિશ્વપતિ. જયજય૦
નાથ નિરંજન, ભવ ભય ભંજન, અરિગંજન જય સત્ય પ્રભુ,
ત્રિવિધ તાપ હરી, માફ પાપ કરી, આપ સદ્ગતિ. જયજય૦

વિજયસિંહ— ૨૩

પ્રીય મમ બન્ધુ થયું આજ સ્વપ્ન અતિ દુઃખદાઈ,
સત્ય વચન કહું હું જે વદનથી માનજો નિશ્ચય ચિત્તમહી. પ્રીય.
રૂદન કરતી દગ અતિ ભરતી અશ્રુએ પીયુને પોકારી સહી,
પાપી ત્રાસે ટળવળતી વનમાં રમણી નિહાળી મુજ સ્વપ્નમહી.
સુઝે નહિ કાંય અરે નિદ્રા નામ જરા આવે નહિ. પ્રીય.
ઉર અકળાય મુજ જીવ ગભરાય તન લોય થાય જાય સૌ ધૈર્ય ધૃતિ,
અરરર હાયહાય હવે શી મુજ પ્રિયાની ગતિ શ્રીપતિ.

જયસિંહ— ૨૪

ઝટ થાઓ (૧) તૈયાર મુજ બંધુ આવાર,
નહિ ફીકર કરશો મનમાંહી તલભાર,
કરો કરો કાં વિચાર, દેર ન કરો લગાર;
મહામતી પારાવાર, ધાર્યું થશે હશે કીરતાર ઝટ.
મુજ પ્યાસી તલવાર, છે રૂધિરની અપાર;
લઉં સ્યામા સંભાળ, વાળુ યવન સંહાર,
સત્ય માનજો નિરધાર, હાય પાપીઓને
પહોંચાડું યમ દ્વાર કરી ઠાર. ઝટ.

સત્સંગીઓ— ૨૫

જૂઠું સઅ જગ જૂઠુંરે સંતો સાચું એક હરિ નામ,
કાયા બંધાણી સુકાણી જઅ પલમાં ઊંચી મેડીઓ ઘર ધામ.
આંખો મીંચાણી તબ અલોપ થઇ જશે સુત સુંદરી સૌ તમામ;
દીઠું થાશે અદીઠુંરે માટે ભાવે ભજીલ્યો ભગવાન. જૂઠું.
શોધો સત્ય અચળ નીજ ઠામ, રામનામના બેસે નહિ દામ;
રાખો હૈડા વિષે ખૂઅ હામ, કરો પૂણ્ય પરમારથ કામ;
સ્વપ્નસમ સૃષ્ટિ થાશે રે હરદમ રટો રામ રહેમાન. જૂઠું.

વિજયસિંહ.— ૨૬

અરરર કરવો શો ઉપાય હે ! હરિ હરિ,
સરિતામાં નીર અપાર ચાલ્યું જાય છે વહી. અરરર.
દિસે ન કોઇ જન અઘોર વન પંથ છે નહિ,
સુઝે ન કાંય હાય ! હામ હૈયાની હરાઇ. અરરર.
ભયંકર ભાસે રજની, ચમકાવે ચિત્ત ચંદની,
કષ્ટ પામી મુજ કામિનિ મરશે રૂદન કરી. અરરર.
મળું હું શી રીતે જઇ આફત આવીને પડી,
શિવશિવ કયા ભવની આ કુકરણી નડી. અરરર.

જયસિંહ— ૨૭

વિનવું વિનયથી તને સરિતા સતી,
નમું કર જોડીને સુણ દીન વિનતિ. વિનવું.
સાગરની તું છે પ્રેમદાય, ભાવે ભોગી ભેટવાને જાય;
સતિ શિરોમણી નારી કહાવે (૨)
પણ હું ઉરમાં કષ્ટ પામું અતિ. વિનવું.
પરને પીડા કરી સ્વપોષણ કરવું,

એ સતિ નારીનો ધર્મ નથી. વિનવું.
માર્ગ જવાનો દે હે ! જળદેવી,
બંધ કરી ગતિ, શાણી સતી. વિનવું.

વેણીચંદ— ૨૮

હાય મારા બાપ હવે ક્યાં હું જાઉં (૩)
નાણું ગયું ને ન ઠેકાણું રહ્યું;
હાય! હાય! હાય! ગાંડો બની ગભરાઉં. હાય!
મિલકતમાં હાય રહી દીકડો ને વહુ,
હાટ, હવેલીયો, હડાજ થયું સૌ. હાય!
કોડી ન રહી હાથ શાથી કોથડી કમાઉં,
ફાંસો ખાઉં કે ઝેર ખાઇ મરી જાઉં. હાય!

લીલાવતી— ૨૯

જુઓ કેવા આ જગના લોકો, સાહસ કરી મૂકે પછી પોકો.
પ્રથમ વિચારે ન કાંય મનમાંય,
ગતિ વિણ વિશાળ વડ ઠેકવાને જાય;
પાછા પડી જયારે આવી અથડાય ત્યારે પૂરા પસ્તાય ખાય જોખો. જુઓ.

સાખી.

સુખમાં ધ્યાન ધનનું ધરે દુઃખમાં દીન દયાળ,
મુડી ગુમાવી ગાંઠની, પાડ ના પછી પોકાર.
પાણી પ્હેલાં બાંધે નહિ પાજ(૨) સહે સંકષ્ટના શિર થોકો. જુઓ.

વિજયસિંહ— ૩૦

શી દૈવગતિ ન્યારી છે ઠામઠામ,
પડે વિકટ સંકટ જાય મતિ ગતિ મુજ હારી. શી.
અણધારી ઉપાધિ વસમાં વિઘન થાય અરે અતિ વનમાંય,

જીવ ગભરાય, મુજ ચિત્ત મહીં લાયલાય રહે નહિ ધીર ધારી. શી.
કરકર વિભુવર હવે સહાય વિનતિ ધરી સત્વર ઉરમાંય,
કૃપાકર રંકપર રતિ સરખી નિરખી હરખાઉં જઇ મમ પ્યારી શી.

જયસિંહ— ૩૧

વીર સુધીર કરી તદબીર સકળ સુધારવું કાજ,
ઝુંટીને, લુંટીને, ઝીંખીને વીંખીને મ્લેચ્છને રાખવી લાજ. વીર.
હરવું, ફરવું, મરવું, મારવું, હસીઅસિથી દિલ ના ડરવું,
વરવું વિમળ કીર્ત્તિસાથ, સજવા સુખનો સાજ. વીર.
સતીકાજ તજતાં પ્રાણ, મળશે સ્વર્ગનું વિમાન,
સિંહણીના સ્તનપાનનો ગુમાન દીપવવો ઘટે આજ. વીર.

વસન્ત-- ૩૨

અરે હાય ચિત્ત લાય લાગી હૃદયકમળ તનમાંય,
ગજબ ગજબ થાય, સુદ્ધિ બુદ્ધિ સૌ જાય;
થરથર ધ્રુજે કાય, મમ જીવ કાં ન જાય,
પ્રભુપતિ પડું તને પાય. અરે
હું હતી મ્હેલમાંય, હાય આવી પડી ક્યાંય,
દેશ મ્હારો ન હોય હવે થશે શી મુજ દશાય;
હે! જગરાય. અરે.

વસન્ત-- ૩૩

રતિપતિ નારી કયમ વિસારી,
મ્લેચ્છયવનનું જોર અતિછે, તજી શીદને;
આમ કરી નિરાધારી. રતિપતિ.
નથી કાંઇ નારી હું જારી વિજારી
રહેતી સદા સંગે સેવ બજાવવા સારી;

તેને શું કરી ન્યારી (૨) કરો સા'ય મ્હારી. રતિપતિ.
સદ્ય આવો દાસી હુંછું સદાની,
બનીછું દિવાની, સુણો દીન વાણી. રતિપતિ.
જયમ મીન જળવિણ તડફડશે,
ત્યમ વિયોગે વ્હાલા નાર આ મરશે,
મરશે, ટળવશે, ને દગ ભરશે;
વારિએ પીયું પોકારી, પકડો બાંહ્ય મ્હારી. રતિપતિ.
હવે લ્યો ઉગારી રહે ન ધીર ધારી, દુષ્ટ પુષ્ટનો જુલમ છે ભારી,
હામ મુજ હારી, કહુંછું નમી વારી. રતિપતિ.

વિજયસિંહ— ૩૪

છે ધન્ય ! તુજને ધન્ય ! સતિ (૨)
પતિપતિ કરી દિન રેન રહે ધારી ધૃતિ,
કષ્ટ લેશ નહિ લેખવતી. છે ધન્ય !
ત્હાર જેવી ગુણવંતી, પામ્યો નારી જેનો પતિ,
ઉઘડી કરમની ભાગ્ય રતિ. છે ધન્ય !
હોય ભલે અપાર ધન વળી રાજ્યપાટને ભવ્ય ભવન
નહિ મળી જેને સુઘડ સુંદરી
જીવતર તેનું ધિક્ક છે અતિ. છે ધન્ય !

વસન્ત— ૩૫

વાહ્ ધન્ય છે તમને સિદ્ધરાય, પ્રેમે પડું તમારે હું પાય,
ટળી તનમનતણી ચિંતાય, દિલ ખુશી ખુશી બહુ મુજ થાય. વાહ્.
સ્હાય કરીને મને મરતાં ઉગારી, ચિત્ત રૂડું વિચારી,
જાઉં તમપર વારી,

સેવા કરૂં તમારી સદાય. પ્રેમ૦—વાહ.
દયા રાખીને દિનનીશ દાસીપર દઃખ દળજો કરી કૃપાય,
જોશો નહિ દોષો સામું લગાર મારે ઓથ તમ્હારી ગુરૂરાય;
ધરજો ધ્યાન વિનતી જે વદાય. પ્રેમ૦—વાહ.

અંક ૩ જો.

વસન્ત અને સખીઓ }— ૩૬

સખી મ્હારા પ્યારા પ્રાણપતિની હજુસુધી કાંઇ ખબર નથી,
લાવ જલદી અશ્વ અહીં. જાઉં પ્રીય પતિ છે તહી,
ચેન પડે ન ચિત્તમાં કંઇ, મનમથ દમે સદનમહી;
સજની સહેવાતું નથી, કષ્ટ દેતો અતિ અતિ,
શાણી સતિ ધરે ધૃતિ, આવશે હમણાં પ્રાણપતિ. સખી.
સુખી કે દુઃખી હશે ત્યાંય, કોણ લાવે ખબર આંય,
ચરરરરરર ચિત્ત ચિરાય, સુઝે ન કાંય અરરહાય;
સત્ય વચન વદું નિર્વાણ, સખી સુજાણ તજું હું પ્રાણ;
શાણીસતિ, ધરો ધૃતિ, આવશે હમણાં પ્રાણપતિ. સખી.

મીરમહુમદ-- ૩૭

અયે બુલબુલ હુવાં મશગુલ તુજ બાનુંપે,
ધીરીસેં આવ જરા નેનાં મીલાવ, તેરી નાજુક કમલહે પતલીયાં,
વારી મેરા જાન, કરૂં કુરબાન ગોરાસા મુખપેં. અયે.
ઝાંઝ ઝમકાવ પ્યારી ઠમકા બતાવ, મેરી કચ્ચી કુસુમકી કલીયાં,
હઠત જકર હસ્ત મીલાદે, ચલ જલદી અબ યારી બતાદે;
તકહે અમુલ, અબ મત ભુલ બડા પ્યારસેં. અયે.

વસન્ત અને મીરમહુમદ. }-- ૩૮

ખસ દૂર (૨) હરામી લુચ્ચા,
કંગાલ કુટીલ કમજાત, અતિ ઉત્પાત, દેહ તુજ ધાત,
થશે ઇશ હવે રૂઠયા. ખસ દૂર.
છટછટ (૨) છટેલી બાળા, સમજે શું મનમાં તારા.
નહિ નહિ હવે છોડનાર, બસ આવાર,
કોઇ ધાઓ, અરે આવે, હાય પ્રાણુ ચઢયા મુજ ઊંચા. ખસ દૂર.

ભરથરીનાં બે બાળકો }— ૩૯

ધાર્યું ધણીનું થશે ચિન્તા ચિત્ત પરહરો;
મમતા મિથ્યા જશે, ભાવી નિશ્ચય બનશે, ધાર્યું.
સત્યનો સૂર્ય ઉદય થતાં, અસત્યાસુર લય થશે,
પાપ તિમિર ટળશે દિલમાં જરા ના ડરો. ધાર્યું.
પ્રલ્હાદ પામ્યો પીડા અતિ ટેક નિજન તજે;
હેતે હરિને ભજે હૈયે હામ ધરો. ધાર્યું.
લખ્યા વિધિના લલાટમાં, ટાળ્યા કદિ ના ટળે,
કરતાં કોટી ઉપાય ભલે મથન કરો. ધાર્યું.

રસિકલાલ— ૪૦

બનાવે દશા હાલ બેહાલ, દોષ કોને ના દીજીયે,
દુઃખ વાદળ વહી જશે કાલ, વિચારી મનમાં રીઝીયે. બનાવે.

સાખી.

વારાફેરા વિશ્વમાં, ચાલ્યા આવે જાય,
ઋતુરંગ નીરખો વળી, પહાડ ઝાડની છાંય.

થીર ઠરી રહે નહિ એક ઠામ, બાહ્ય દશા તણા દમામ,
ધારી રહીયે હૃદયે ધીર, પરમ ગતિ સુખ શુભ પામીયે;
દુર્દશા, દુઃખ થતાં દૂર, રસમરજીવા માણીયે. બનાવે.

વસન્ત— ૪૧

વ્હારે ચઢજો ગિરિવરધારી, કમળાપતિ શ્રીકૃષ્ણ મોરારી,
રતિપતિ નથી ગતિ મતિ સતિ વિનતિ લેજો સ્વીકારી. વ્હારે.
દુઃખદળ વાદળ હરજો દળજો ભરજો મનમુદ ભારી,
આફતથી દાસીને ઉગારી અસુરારિ કરજો સહાય મ્હારી. વ્હારે.

વસન્ત અને વિજયસિંહ }— ૪૨

મનમોહનજી મટકાળા વેગે વેલેરા વળજો,
વેગે વેલેરા બળજો, પીયુ વચન તમ પળજો. મનમોહજી.
ચતુરા ચિન્ત પરહરજો, વ્હાલા વાર વધુ ના કરજો,
દિલ દુઃખ કાંઇ નવ ધરજો, વ્હારે વિભુ તમારી ચડજો,
(લ્યો હવે જાઉછું)
કરી લ્યો અધર પાન રસાળાં, રે ભાવે ભેટી લ્યો વ્હાલાં. મનમોહજી.

જયસિંહ— ૪૩

ધન્ય ધન્યછે ધન્ય તમને રંગ શૂરા સરદાર,
ક્ષત્રીવટ સાચવવા સારી બની જાઓ તૈયાર;
સતિ, ગૌ, બ્રાહ્મણ રક્ષણ ન કરતાં જેણે સાચવી નિજ કાય,
જીવ્યું ન જીવ્યું જાણો જગતમાં છે ધિક્ક તેની માય. ધન્ય.
શૂરવીર રણધીર ન ખમચાઓ, ધીરવીર બનીને હાથ બતાવો,
લઇ તરવારો, સામે ધાઓ, ભૂભોગ આપવા યવન વધાવો,
ખૂબ રહો હોંશિયાર, સહાય કરશે જુગદાધાર. ધન્ય.

દિલમાં જરા ન ડરશો, ખગ ડગ પાછું ન ભરશો,
મારોમારો મ્લેચ્છો કાપો, મુજ શાણા સરદાર;
આવાર, કરો સંહાર, થાય જયકાર.

બાદશાહ— ૪૪

હે! પરવરદેગાર ગજબ જુલમ આ કયા હુઆ,
લશ્કરમુઆ, લડકે મુઆ, સબ સારે સરદાર મુઆ. હે!
અફસોસ! અફસોસ! મેને કામ બડા બુરા કીયા,
નાદારીસેં સબકુ ગુમાદીયા, હે!
કોઇકા કુછ કહાન માના, અમીરીસે બના દિવાના,
પરકા ન અપના જાના, અયેરસુલ્લ અબ મેં કયા કરૂં. હે!

પ્રધાન— ૪૫

કરે જે કુન્છદીનો કુસંગ પર નેત્રે પશ્યે કર્ણ શૂણે,
તે ચોરની માની પેઠે કોઠીમાં મોં ઘાલી રૂએ. કરે.
નિરાંતે હાશ કરીને કો દિન એવા જન નવ સૂએ,
હાથે હૈયા ફુટેલ સુખ-શાન્તિને નિજ ખૂએ. કરે.
સતત અનુભવ બુદ્ધિ કેરો કરવો દૃઢ વિશ્વાસ
સત્ય, ઋજુતા હૃદય રાખતાં પ્રસરે કીર્ત્તિ પ્રકાશ;
મળશે પરમપદધામ, સુખ વૈભવ સૌ તમામ,
ભજતાં અવિનાશી નામ, યમદૂત પણ સામુ ન જુએ. કરે

વસન્ત.— ૪૬

થયુ મમ આજ અતિ શુભ કાજ ધનધન વિભુ અશરણ શરણ,
તમપરવારી, જાઉં ગીરીધારી, અબળા નારી અરજ સ્વીકારી,
રાખી લાજ, જય જગરાજ, વ્હારે ચઢી ધરણી ધરણ થયું.
પામી હું ભલો ભરથાર, થઇ સુખી વિશ્વમાંહી અપાર,
લળીલળી વિનવું વારંવાર વિશ્વાધાર, જગકીરતાર;
નમુંનમુ અહરનિશ તમ ચરણ, શાન્તિકરણ, મનમુદભરણ,
દુઃખદળ હરણ, અભરાભરણ, છો સદા સુખદ નિર્મળ ઝરણ. થયું.

સખિયો.— ૪૭

આજ સખી ધન્ય ! અહો પૂર્ણ ભાગ્ય મ્હારાં,
વાહ્ ધન્ય ભૂપતિ, વાહ્ ધન્ય છે સતિ. આજ.
હર્ષ ઉરમાંહી અતિ, આનન્દની શુભ ઘડી;
રાજકાજ, તાજ શોભે આજ રઢીયાળાં. આજ.
બાળા કુન્દનની કળી, નૃપ હીરા સાથ જડી,
અચળ રહી સદા સુખ ભોગવો રસાળાં. આજ.

વારાંગનાઓ.— ૪૮

ધન્ય ! દિવસ વાહ્ સમય ઘડી પળ પલટી,
આજ આનન્દ આનન્દ તણી થઇ વૃષ્ટિ. ધન્ય !
ઉગ્યો સુવર્ણ ભાણુ, ટળ્યાં દુઃખ નિર્વાણુ,
વર્ત્યો જયજયકાર, મળ્યાં સુખ સૃષ્ટિ. ધન્ય !
તનનનન, તનનનન, તનનનનનનનન તુમતુમ.
છનનનન, છનનનન, છનનનનનનનન છુમછુમ
થાય ઝાંઝર ઝણુકાર, ઉરમાં હર્ષ અપાર;
તનનનનનન, છનનનનનન,
છાછી છુમ, છાછી છુમ, છનનનનનનન છુમ.

તમામ પાત્રો— ૪૯

વાહ્ ધન્ય ! ધન્ય ! હર્ષ ઉરમાં અતિ,
નેક ટેક ધરી વર્યા, સતિ શૂરાભૂપતિ. વાહ્.
જશ દેશ વિદેશે પામી, દુઃખ સૌ વામી, અંતરયામી,
દમ્પતિને દેજો વિમળમતિ, વાહ્
સત્યનો વિજય, ક્ષય અસત્યનો નિશદિન,
નટવર, નગધર, હરિહર, સુખભર,
કૃપા કર ધન્ય ! અખિલ પતિ. વાહ્.

પ્રેમીભક્તજનો માટે.

છપાય છે !

શ્રીકીર્ત્તન મણીમાળા.

અગાઉથી ગ્રાહક થનાર પાસેથી કીંમત ૦-૧-૬ પાછ-ળથી રૂ ૦-૨-૦

જાહેર ખબર.

આ પુસ્તક મંગાવનાર સદ્‌ગૃહસ્થે નીચે લખ્યા પ્રમાણે પત્ર વ્યવહાર કરવો. દરદસ નકલે એક નકલ મફત આપવામાં આવશે.

પુસ્તક મળવાનાં ઠેકાણું.

કર્ત્તા પાસેથી.

અને

બાળાશંકર શામળભાઈ ભટ્ટ.

મુ. લુણાવાડા.

રૂ ૦-૨-૩ ની પોષ્ટ ટીકીટો બીડવાથી પણ પુસ્તક બુકપો-ષ્ટથી મોકલી આપીશું.

લી.

ગ્રંથ કર્ત્તા.

॥ ૐ ॥

"દ્વિજોત્કર્ષ" મેવાડા બ્રહ્મનાદ (માસિક)

આ માસિક રસમય વિષયોથી ભરપૂર છે. પૂજ્યપાદ મહાત્મા શ્રીમન્નથુરામશર્માના લેખો આ માસિકમાં આવતા હોવાથી તેનું

મનન કરનાર જીજ્ઞાસુઓને મોક્ષપદના સરળમાર્ગનું ભાન થાય છે. તે સિવાય બ્રહ્મનિષ્ટ શ્રીજયકૃષ્ણ મહારાજનાં પદો તથા તેમના શિષ્ય જયદેવ મહારાજના વેદાંતનું જ્ઞાન સમજાવનારા વિષયો પણ પ્રસંગોપાત્ત પ્રકટ કરવામાં આવે છે. આ માસિક આવા ઉત્તમ વિષયોથી ભરપૂર હોવા છતાં તેનું વાર્ષિક લવાજમ ટપાલ ખર્ચ સાથે ફક્ત. ૧-૪-૦ છે. નમુનાનો અંક ૦-૨-૦ ની ટીકીટો મોકલવાથી મોકલી આપવામાં આવે છે.

લખો.

તંત્રી "દ્વિજોત્કર્ષ મેવાડા બ્રહ્મનાદ"
પખાલીની પોળ—અમદાવાદ.

શિષ્યનું શ્રીસદ્‌ગુરુ પ્રત્યેનું કર્તવ્ય.

આ પુસ્તકમાં શિષ્યનાં તથા શ્રીસદ્‌ગુરુનાં લક્ષણો બતાવી શિષ્યનું વાસ્તવિક રીતે પોતાના ગુરુ પ્રતિ શું કર્તવ્ય છે તેનું વર્ણન સરળ અને રસમય ભાષામાં કરવામાં આવ્યું છે. તે સિવાય આ પુસ્તકમાં અન્ય ગૌણ વિષયોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પૂજ્યપાદ મહાત્મા શ્રીમન્નથુરામ શર્મા તથા શ્રેય સાધક અધિકારી વર્ગના પ્રમુખ શ્રીમાન્ છોટાલાલભાઇ તેમજ અન્ય મહાત્માઓ અને વિદ્વાનો તરફથી આ પુસ્તક માટે ઉચ્ચ અભિપ્રાયો મળ્યા છે. મૂલ્ય ૦-૫-૦ "દ્વિજોત્કર્ષ મેવાડા બ્રહ્મનાદના ગ્રાહકો માટે ૦-૪-૦

લી.

મણિલાલ મગનલાલ ત્રિવેદી.
તંત્રી.
"દ્વિજોત્કર્ષ" મેવાડા બ્રહ્મનાદ.
પખાલીની પોળ—અમદાવાદ.